# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૦૯ તા.૩૦-૧૧-૧૫

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી મ્યુનિ. શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે ન.પ્રા.શિ.સમિતિ, અમદાવાદ હસ્તકની પ્રા.શાળાના/ ઓફિસ વિભાગના કોઈપણ કર્મચારીને નોકરી દરમ્યાન આગળ અભ્યાસ કરવો હોય તો તે કર્મચારીને સ્કૂલ બોર્ડ ઠ.નં.૩૨૦/તા.૧૬-૧-૮૦માં જણાવેલ શરતોથી ઉચ્ચ લાયકાત અર્થે વધુ અભ્યાસ કરવાની મંજૂરી આપવાની નીતિ અમલમાં હતી. તેમાં હવે નીચે જણાવેલ બાબતે વધુ અભ્યાસની મંજૂરી અર્થે કાર્યવાહી કરવાની રહેશે.

૧) નોકરીને બાધ ન આવે તે રીતે ઉચ્ચ અભ્યાસ કરવા એકસટર્નલ તરીકે અભ્યાસ કરવો હોય તેણે જ મંજૂરી મેળવાની રહેશે.

૨) કોઈપણ શાખામાં ગ્રેજયુએશન મેળવવું હોય તો એક સાથે એકવાર એટલે કે એફ.વાય.,એસ.વાય. અને ટી.વાય. (૩ વર્ષ)ની મંજૂરી મેળવવાની રહેશે.

૩) કોઈપણ શાખામાં પોસ્ટ ગ્રેજયુએશન મેળવવું હોય તો એક સાથે એકવાર એટલે કે પાર્ટ-૧ અને પાર્ટ-૨ની મંજૂરી મેળવી લેવાની રહેશે.

૪) તાલીમી સ્નાતક /વ્યવસાયિક અભ્યાસક્રમ, પી.એચડી. કે અન્ય ડીગ્રી કોર્સની મંજૂરી અલગથી મેળવવાની રહેશે.

આ પરિપત્રની નોંધ શાળાના મુખ્ય શિક્ષકશ્રીએ પોતે તેમજ શાળાના તમામ શિક્ષકો/વિદ્યાસહાયકોને લેવડાવવી અને તે અંગેની સહી લઈ શાળાના દફતરે રાખવાની રહેશે.

તા. ૩૦-૧૧-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર નં. ૧૧૦ તા.૩૦-૧૧-૧૫

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે :-

**વિષય :- તા.૧ લી ડિસેમ્બર 'સમાજ શિક્ષણ દિન'ના ફાળા બાબત.**

**સંદર્ભ :- અમદાવાદ શહેર સમાજ શિક્ષણ સમિતિના પત્રક્રમાંક ૧૦/સ/શિ/ફા/ફા/૧૨/૧૫-૧૬ તા.૨૬-૧૧-૧૫ અન્વયે.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે સમાજ શિક્ષણ સમિતિ દ્વારા સમાજ સેવાની પાયાની પ્રવૃત્તિઓ જેવી કે બાલવાડી, ઘોડિયાઘર, માતૃકલ્યાણ કેન્દ્રો, શિશુ કલ્યાણ કેન્દ્રો, એઈડઝ અવેરનેશ, ગૃહ પુસ્તકાલય ચલાવવામાં આવે છે. આ સેવાયજ્ઞમાં સહકાર પ્રદાન કરવા માટે દર વર્ષે ૧ લી ડિસેમ્બર સમાજ શિક્ષણ દિન નિમિત્તે ફાળો એકત્ર કરવામાં આવે છે. તે અંતર્ગત તમારી શાળામાંથી પણ વધુને વધુ ફાળો એકત્ થાય તેવા પ્રયાસો કરવા. સમાજ શિક્ષણ ફાળો એકત્રિત કરવા માટે ડબ્બાની ખરીદી શાળામાંથી કરવી. તમારી શાળામાં ફાળો એકત્ર કરી જયારે સમાજ શિક્ષણ સમિતિના પ્રતિનિધિ ફાળો લેવા માટે આવે ત્યારે તેમની હાજરીમાં ડબો ખોલી નાણાં ગણીને તેમને આપવા અને પહોંચ મેળવી શાળા દફતરે રાખવી.

તા.૩૦-૧૧-૧૫

શાસનાધિકારી

પરિપત્ર નં. ૧૧૧ તા.૩૦-૧૧-૧૫

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે રાજય સરકારશ્રીની સૂચના મુજબ મ્યુનિ. શાળાઓનાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ દર વર્ષની માફક આ વર્ષે પણ **''શાળા આરોગ્ય સપ્તાહ''** ના અભિગમથી અમલમાં મુકવાનો છે, જે મુજબ તા.૧-૧૨-૧૫ થી તા.૫-૨-૧૬ સુધી યોજવાનું નક્કી કરેલ છે.

**''શાળા આરોગ્ય સપ્તાહ''** અંતર્ગત આ સાથે અર્બન હેલ્થ સોસાયટી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો પત્ર સામેલ છે. જે મુજબ કાર્યક્રમ કરવાનો રહેશે.

તા. ૩૦-૧૧-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

.ધી અર્બન હેલ્થ સોસાયટી
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (કુટુંબ કલ્યાણ એકમ)
દિનબાઈ ટાવર, સહયોગ બિલ્ડીગની સામે, મીરઝાપુર રોડ, અમદાવાદ.
ટેલિફોન નં. ૦૭૯-૩૨૯૮૪૧૮૧, ફોન/ફેક્ષ- ૨૫૫૦૬૧૮૫

તા. ૧૮/૧૧/૨૦૧૫

પ્રતિ,
શાસના અધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી પ્રાથમિક
જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક

વિષય – શાળા આરોગ્ય કાર્યક્રમ ૨૦૧૫-૧૬ ના અમલીકરણની જાણ બાબત

રાજય સરકારની સૂચના મુજબ શાળા આરોગ્ય કાર્યક્રમ ચાલુ વર્ષે દર વર્ષની માફક "શાળા આરોગ્ય સપ્તાહ"ના અભિગમથી અમલમાં મુકવાનો છે. જે મુજબ શાળા આરોગ્ય કાર્યક્રમ ૨૦૧૫-૧૬ તા.૦૧-૧૨-૨૦૧૫ થી તા.૦૫/૦૨/૨૦૧૬ સુધી યોજવાનું નક્કી કરેલ છે. આ કાર્યક્રમ દરમ્યાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારના

૧. આંગણવાડી / બાલવાડીના બાળકો
૨. તમામ ખાનગી અને સરકારી પ્રાથમિક શાળાના બાળકો
૩. નવજાત શિશુથી ૧૮ વર્ષના શાળાએ ન જતાં બાળકો
૪. તમામ ખાનગી અને સરકારી માધ્યમિક શાળા, ઉચ્ચર માધ્યામિક શાળાના વિધ્યાર્થીઓ
૫. આશ્રમ શાળાના વિધ્યાર્થીઓ
૬. ચિલ્ડ્રન હોમના બાળકો
૭. પરંપરાગત ધાર્મિક શિક્ષણ આપતી સંસ્થાઓના બાળકોની આરોગ્ય તપાસ અને સારવાર કરવાની રહેશે.

આ કાર્યક્રમ પાંચ દિવસ સુધી "શાળા આરોગ્ય સપ્તાહ" તરીકે ઉજવવાનો છે જેના રોજ વિવિધ આરોગ્યલક્ષી કામગીરી માટે થીમ વિભાગ નક્કી કરી તે પ્રમાણે કામગીરી કરવાની છે. જેની વિગત નીચે મુજબ છે.

| દિવસ | પ્રવૃતિ | થીમ વિભાગ |
|---|---|---|
| પ્રથમ દિવસ | - શાળાની સામાન્ય સફાઈ<br>- પાણીના સ્ત્રોત, ગટરની સફાઈ<br>- ઔષધીય વૃક્ષારોપણ<br>- પાણીની ટાંકીની સફાઈ | - આરોગ્ય વિભાગ<br>- એન્જીન્યરીંગ વિભાગ<br>- બગીચા ખાતુ |
| બીજો દિવસ | - રજીસ્ટરમાં નોંધણી<br>- પ્રાથમિક આરોગ્ય તપાસણી<br>- રેલી, ભવાઈ જેવી આઈઈસી પ્રવૃત્તિ | - શિક્ષણ વિભાગ<br>- આરોગ્ય વિભાગ |
| ત્રીજો દિવસ | ન્યુટ્રીશન ડે પ્રવૃત્તિ<br>- વાનગી હરિફાઈ<br>- બાળ તંદુરસ્ત હરિફાઈ<br>- તંદુરસ્ત સગર્ભા હરિફાઈ<br>- પોષ્ટીક વાનગી પ્રદર્શન<br>- દાદા – દાદી મીટીંગ | - મહિલા અને બાળવિકાસ વિભાગ<br>- આરોગ્ય વિભાગ |
| ચોથો દિવસ | - તબીબી અધિકારીશ્રી દ્વારા બાળકોની આરોગ્ય તપાસ<br>- વાલી મિટીંગ | - આરોગ્ય વિભાગ<br>- શિક્ષણ વિભાગ |
| પાંચમો દિવસ | સાંસ્કૃતિક કાર્યક્રમ<br>- નાટક બાળગીતો, આરોગ્ય પ્રદ રમતો, વક્તૃત્વ સ્પર્ધા<br>- ઈનામ વિતરણ | - શિક્ષણ વિભાગ<br>- આરોગ્ય વિભાગ |
| સપ્તાહ દરમ્યાન | - શાળામાં આરોગ્ય પ્રદર્શન | - આરોગ્ય વિભાગ<br>- શિક્ષણ વિભાગ |

<u>આરોગ્ય તપાસ અને સારવાર -</u>

- બાળકોની બેઝીક તપાસ આરોગ્ય કાર્યકર દ્વારા કરવામાં આવશે. જેમાં શિક્ષક દ્વારા આરોગ્ય તપાસણી પત્રક્નો ભાગ (૧) ભરવાનો રહેશે. જેમાં શિક્ષક / આંગણવાડી વર્કરનાં અવલોકન આવરી લેવામાં આવેલ છે. આરોગ્ય તપાસણી પત્રકનો ભાગ (૨) આરોગ્ય કાર્યકર દ્વારા બાળકોની મુળભુત તપાસ કરીને ભરવાનો રહેશે. તેમાં બાળક્ને ત્રીજા તબક્કાની તબીબી તપાસની જરૂરીયાત છે કે કેમ તે સ્પષ્ટ જણાવવાનું રહેશે .
- જો બાળક્ને કોઇપણ જાતની બિમારી જણાય તો તેવા તમામ બાળકોની તપાસ તબીબી અધિકારીએ કરવાની રહેશે. આ અંગેના તેમના તારણો તબીબી અધિકારીએ આરોગ્ય તપાસણી પત્રક ભાગ- ૩ માં ભરવાના રહેશે તબીબી અધિકારીને બાળકની વધુ તપાસની જરૂરીયાત લાગે તો તેણે સંદર્ભકાર્ડ ભરી આ બાળકોને સંદર્ભસેવા માટે મોકલવાના રહેશે.
- વાલી મીટીંગમાં સંદર્ભ સેવા વિશે અચૂક માહિતી આપવામાં આવશે.

રિપોર્ટીંગની કામગીરી:-

શાળા આરોગ્ય સપ્તાહ દરમ્યાન થયેલ કામગીરી નિયત નમૂનામાં નિયમિત રીતે ઇ-મેલ કરવામાં આવશે.

ઉપરોકત કામગીરી માટે દરેક કેન્દ્ર પાસેથી રાજય સરકારની સૂચના મુજબ નિયત ફોર્મેટમાં માઇક્રોપ્લાન મગાવી તેની જાણ રાજય સરકારમાં કરેલ છે. જે મુજબ નિયત કરેલ તારીખ તથા સમય નિયત શાળામાં બાળકોની આરોગ્ય તપાસની કામગીરી કરવામાં આવશે.

દરેક અર્બન હેલ્થ સેન્ટર દ્વારા તૈયાર કરેલ માઇક્રોપ્લાનની કોપી આ સાથે સામેલ છે. જે જાણમાં લઇ જે તે ઝોન દ્વારા તમામ આચાર્યશ્રીઓને આ કાર્યક્રમમાં સહયોગ આપવાની સૂચના થવા તથા તે માટે કરેલ પરિપત્રની કોપી આપાવા વિનંતી છે.

ઉપરની વિગતો જાણમાં લેવા વિનંતી છે.

આરોગ્ય અધિકારી
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

બિડાણ:-

અધિકનિયામકશ્રી આરોગ્ય દ્વારા,
મા.કમિશનરશ્રી (શિક્ષણ),
બ્લોક નં-૯ ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર તથા નિયામકશ્રી ( પ્રાથમિક શિક્ષણ) ને કરેલ પત્રની નકલ..